Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

# પુસ્તકાલય પ્રત્યેની સભાનતાનો અભ્યાસ

**રવિરાજસિંહ એ. ઝાલા**

એમ.એસસી., એમ.એડ્.

**સારાંશ**

કોઈપણ રાષ્ટ્રની સંસ્કૃતિના ઘડતરમાં પુસ્તકો અને પુસ્તકાલયો મહત્ત્વનો ભાગ ભજવે છે. પુસ્તકો એ જ્ઞાનના પ્રવેશ દ્વાર છે. પુસ્તક માનવનો સાચો મિત્ર છે તે માનવના સુખ, દુઃખનું સાથીદાર છે. એટલા માટે જ એમ કહેવાયુ છે કે, બધેથી હતાશ અને ભગ્ન થયેલો માનવ એ પુસ્તકમાં આશ્વાસન શોધે છે. પુસ્તકોના મહત્ત્વ વિશે ગાંધીજી કહેતા કે... ''પુસ્તકોનું મૂલ્ય રત્ન કરતાંયે અધિક છે કેમ કે રતન બહારથી ચમક બતાવે છે જ્યારે પુસ્તકો અંતઃકરણને ઉજ્જવળ બનાવે છે.'' સ્વામી વિવેકાનંદે કહ્યું છે કે... ''સારાં પુસ્તકો વિનાનું ઘર એ સ્મશાન જેવું છે.'' સાંપ્રત યુગમાં પણ પુસ્તકાલયનું મહત્ત્વ ઘટ્યુ નથી. પુસ્તકાલય એ બગીચો છે. અને પુસ્તક એ બગીચામાં રહેલું પુષ્પ છે. પુસ્તકો એ વ્યક્તિના સાચા મિત્ર છે. પુસ્તક એ મનુષ્યને પથ દર્શકનું કામ કરે છે. દરેક વ્યક્તિએ પોતાના ઘરમાં અંગત પુસ્તકાલય વસાવવાથી તેની વિચાર શક્તિનાં દ્વાર વિસ્તૃત બને છે. પ્રસ્તુત અભ્યાસનો મુખ્ય હેતુ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન રાજકોટ શહેરની તાલીમી સ્નાતકોની જાતીયતા અનુસાર પુસ્તકાલય પ્રત્યેની સભાનતા તપાસવાનો હતો. પ્રસ્તુત અભ્યાસમાં વ્યાપવિશ્વ અને નમૂના તરીકે પ્રયોજકે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન બી.એડ્. કોલેજોમાં અભ્યાસ કરતા તાલીમી સ્નાતકોને વ્યાપવિશ્વ તરીકે સ્વીકારેલ હતા. પ્રસ્તુત અભ્યાસમાં ચાર બી.એડ્. કોલેજોના તાલીમી સ્નાતકોને પસંદ કરવામાં આવ્યા હતા. જેમાં કુમારોની કુલ સંખ્યા ૧૨૫ અને કન્યાઓની કુલ સંખ્યા ૧૮૦ હતી એમ કુલ ૩૦૫નો નમૂનો લેવામાં આવ્યો હતો. પ્રસ્તુત અભ્યાસ સર્વેક્ષણ પ્રકારથી કરવામાં આવ્યો હતો. ઉપકરણ તરીકે પ્રશ્નાવલિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. અભ્યાસના અંતે તારણો મળેલ હતું કે, કુમારો અને કન્યાઓ પુસ્કાલય પ્રત્યેના અભિપ્રાયો સમાન હતા. એટલે કે કુમારો કરતા કન્યાઓ પુસ્તકાલય પ્રત્યેના અભિપ્રાયો તરફ વધુ ઝોક દર્શાવતી હતી.

## ૧.૦ પ્રાસ્તાવિક

કોઈપણ રાષ્ટ્રની સંસ્કૃતિના ઘડતરમાં પુસ્તકો અને પુસ્તકાલયો મહત્ત્વનો ભાગ ભજવે છે. પુસ્તકો એ જ્ઞાનના પ્રવેશ દ્વાર છે. પુસ્તક માનવનો સાચો મિત્ર છે તે માનવના સુખ, દુઃખનું સાથીદાર છે. એટલા માટે જ એમ કહેવાયુ છે કે, બધેથી હતાશ અને ભગ્ન થયેલો માનવ એ પુસ્તકમાં આશ્વાસન શોધે છે. પુસ્તકોના મહત્ત્વ વિશે ગાંધીજી કહેતા કે... ''પુસ્તકોનું મૂલ્ય રત્ન કરતાંયે અધિક છે કેમ કે રતન બહારથી ચમક બતાવે છે જ્યારે પુસ્તકો અંતઃકરણને ઉજ્જવળ બનાવે છે.'' સ્વામી વિવેકાનંદે કહ્યું છે કે... ''સારાં પુસ્તકો વિનાનું ઘર એ સ્મશાન જેવું છે.''

સાંપ્રત યુગમાં પણ પુસ્તકાલયનું મહત્ત્વ ઘટ્યુ નથી. પુસ્તકાલય એ બગીચો છે. અને પુસ્તક એ બગીચામાં રહેલું પુષ્પ છે. પુસ્તકો એ વ્યક્તિના સાચા મિત્ર છે. પુસ્તક એ મનુષ્યનો પથ દર્શકનું કામ કરે છે. દરેક વ્યક્તિએ પોતાના ઘરમાં અંગત પુસ્તકાલય વસાવવાથી તેની વિચાર શક્તિનાં દ્વાર વિસ્તૃત બને છે.

શ્રી જી. એલ. ટ્રેહના શબ્દોમાં કહીએ તો ‘‘શાળા પુસ્તકાલય એ અગત્યનું શિક્ષણ સાધન છે. તે માત્ર અધ્યયન–અધ્યાપન સામગ્રીનો જ સંગ્રહ નથી. પરંતુ તેણે બાળકના માનસિક, સામાજિક, સાર્વત્રિક વિકાસમાં મહત્ત્વનો ભાગ ભજવવાનો છે.’’ આ માટે સૌપ્રથમ તો બાળકના ઘડતરના વહાણને હાંકનાર નાવિક એટલે કે શિક્ષક પોતે પુસ્તકાલય પ્રત્યે સભાન હોવો જરૂરી છે. તો આવા ભાવિ શિક્ષકો ગણાતા બી.એડ્.ના પ્રશિક્ષણાર્થીઓ પુસ્તકાલય પ્રત્યે કેટલાં સભાન છે? તે અંગેનો અભ્યાસ કરવાના હેતુથી પ્રયોજક દ્વારા પ્રસ્તુત અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો.

## ૨.૦ અભ્યાસના હેતુઓ

પ્રસ્તુત અભ્યાસના હેતુઓ આ પ્રમાણે હતા.

૧. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન રાજકોટ શહેરની તાલીમી સ્નાતકોની જાતીયતા અનુસાર પુસ્તકાલય પ્રત્યેની સભાનતા તપાસવી.

## ૩.૦ સંશોધનનું ક્ષેત્ર

પ્રસ્તુત સંશોધન સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન બી.એડ્. કૉલેજના તાલીમી સ્નાતકોની પુસ્તકાલય પ્રત્યેની સભાનતા માપન માટે હાથ ધરાયું હતું. જેથી પ્રસ્તુત અભ્યાસનું ક્ષેત્ર માર્ગદર્શનનું હતું.

## ૪.૦ સંશોધન પ્રકારો

સંશોધનના પ્રકાર આ મુજબ દર્શાવી શકાય.

૧. મૂલગત સંશોધન

૨. વ્યવહારિક સંશોધન

૩. ક્રિયાત્મક સંશોધન

પ્રસ્તુત અભ્યાસ માટે સંશોધન પ્રકાર વ્યવહારિક સંશોધન તરીકે સ્વીકારેલ છે.

### ૫.૦ અભ્યાસની ઉત્કલ્પનાઓ

પ્રયોજકે ભૂતકાળના સંશોધનો, સૈદ્ધાંતિકો, તથ્યો અને સંબંધિત સાહિત્યના અભ્યાસના આધારે સંશોધનકાર્યને અંતે પ્રાપ્ત પરિણામો અંગે અગાઉથી અંદાજ બાંધે છે. જેને સંશોધનની ઉત્કલ્પના કહે છે.

પ્રસ્તુત અભ્યાસમાં શૂન્ય ઉત્કલ્પનાની રચના કરવામાં આવી હતી. જે આ મુજબ છે.

૧. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન રાજકોટ શહેરની બી.એડ્. કૉલેજમાં અભ્યાસ કરતા કુમાર અને કન્યાઓની પુસ્તકાલય પ્રત્યેની સભાનતા પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

### ૬.૦ અભ્યાસમાં સમાવિષ્ટ ચલો

વ્યક્તિ, જૂથ કે પર્યાવરણનું કોઈપણ લક્ષણ કે જે બદલાઈ શકે છે. તેને ચલ તરીકે ઓળખવામાં આવે છે. ઉદાહરણ સ્વરૂપે વય, જાતિ, બુદ્ધિ, સિદ્ધિ, ઊંચાઈ, વજન વગેરે સંશોધનના સંદર્ભમાં પાંચ પ્રકારના ચલો છે. પ્રસ્તુત અભ્યાસમાં સમાવિષ્ટ ચલો નીચે મુજબ છે.

### ૬.૧ સ્વતંત્ર ચલ

સ્વતંત્ર ચલ એ એવો ઘટક છે કે જેને સંશોધક અવલોકન હેઠળની ઘટના પરનો તેનો સંબંધ નક્કી કરવા માટે તેને પસંદ કરે છે. લાગુ પાડે છે કે આ એવો ચલ છે કે સંશોધક કોઈ અન્ય ચલમાં ફેરફાર કરે છે. આ ચલને સંશોધક સ્વતંત્ર ચલ તરીકે ગણે છે. કારણ કે, અન્ય ચલ પર તેની અસર તપાસાય છે.

પ્રસ્તુત અભ્યાસમાં સ્વતંત્ર ચલો તરીકે જાતીયતામાં (૧) કુમાર અને (૨) કન્યાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

### ૬.૨ પરતંત્ર ચલ

પરતંત્ર ચલ એ એવો ઘટક છે જે સ્વતંત્ર ચલની અસર તપાસવા માટે અવલોકનમાં આવે છે. અને માપવામાં આવે છે, સ્વતંત્ર ચલનો અમલ કરવાથી, દૂર કરવાથી કે તેમાં ફેરફાર કરવાથી જો ઘટક ઉદ્ભવે છે. દૂર થાય છે કે ફેરફાર પામે છે. તેને પરતંત્ર ચલ કહેવામાં આવે છે.

પ્રસતુત સંશોધનમાં પરતંત્ર ચલ તરીકે પુસ્તકાલય સભાનતા પ્રાપ્તાંકોને લેવામાં આવ્યો હતો.

## ૭.૦ વ્યાપવિશ્વ

પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજકે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન બી.એડ્. કોલેજોમાં અભ્યાસ કરતા તાલીમી સ્નાતકોને વ્યાપવિશ્વ તરીકે સ્વીકારેલ હતા.

## ૮.૦ નમૂના પસંદગી

સમગ્ર વ્યાપવિશ્વ પર કાર્ય ખૂબ જ કપરુ છે, માટે વ્યાપવિશ્વમાંથી લક્ષણોનું પ્રતિનિધિત્વ કરતા નાના ભાગ કે સમૂહને પસંદ કરવામાં આવે છે તેને નમૂનો કહે છે.

પ્રસ્તુત અભ્યાસમાં ચાર બી.એડ્. કોલેજોના તાલીમી સ્નાતકોને પસંદ કરવામાં આવ્યા હતા. જેમાં કુમારોની કુલ સંખ્યા ૧૨૫ અને કન્યાઓની કુલ સંખ્યા ૧૮૦ હતી એમ કુલ ૩૦૫નો નમૂનો લેવામાં આવ્યો હતો.

## ૯.૦ સંશોધન પદ્ધતિ

સંશોધન સમસ્યાનું સ્પષ્ટીકરણ અને પરિણામોની પ્રાપ્તિ આ બે બાબતો વચ્ચે સંશોધન દ્વારા હાથ ધરાતા કેટલાક વ્યવહારોને સંશોધન પદ્ધતિ કહી શકાય.

પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજકનો હેતુ બી.એડ્.ના તાલીમી સ્નાતકોની પુસ્તકાલય સમાભાનતાનું માપન કરવાનો હતો. તેથી પ્રયોજકે વર્ણનાત્મક પદ્ધતિથી ત્રણ પેટા પદ્ધતિઓ પૈકી સર્વેક્ષણ પ્રકારની પદ્ધતિ પસંદ કરી હતી.

## ૧૦.૦ ઉપકરણ સંરચના

પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજકે પુસ્તકાલય સભાનતા જાણવા માટે પ્રશ્નાવલિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

## ૧૧.૦ માહિતીનું એકત્રીકરણ

માહિતી એકત્રીકરણ માટે પ્રયોજકે સૌપ્રથમ નમૂનામાં સમાવિષ્ટ કોલેજોના આચાર્યોની પૂર્વમંજુરી લીધી હતી અને માહિતી એકત્રીકરણ માટેનો સમય માંગ્યો હતો. ત્યાર બાદ નમૂનાના પાત્રોની પ્રત્યક્ષ મૂલાકાત લઈ સંશોધનના હેતુ અંગેની જાણ કરી યોગ્ય સૂચનાઓ સાથે પુસ્તકાલય સભાનતા પ્રશ્નાવલિ ભરવા આપી હતી. આ માટે સમયનું કોઈ બંધન ન હતું, આમ છતાં તમામ પ્રશિક્ષણાર્થીઓને આશરે ૨૦ થી ૨૫ મિનિટ જેટલો સમય લાગતો હતો.

પ્રયોજકે સભાનતા પ્રશ્નાવલિ પરત મેળવતી વખતે સભાનતા માપદંડ પરની વિગતોની પુરતી ચકાસણી કરી હતી. પ્રશિક્ષણાર્થીએ પોતાની વ્યક્તિગત માહિતી, જાતીયતા, કોલેજોનું નામ તેમજ સભાનતા પ્રશ્નાવલિના પ્રત્યેક વિધાનો અંગે પોતાનો પ્રતિચાર દર્શાવેલ છે કે નહીં વગેરે વિગતો પ્રત્યે પ્રયોજકે પુરતી કાળજી લીધી હતી. આ રીતે માહિતીનું એકત્રીકરણ નમૂનાની દરેક બી.એડ્. કોલેજોમાં વર્ગમાં હાજર રહેલા ૩૦૫ પ્રશિક્ષણાર્થીઓ પાસેથી કરવામાં આવ્યું હતું.

### ૧૨.૦ માહિતી પૃથક્કરણની રીત

પ્રયોજકે સભાનતા પ્રશ્નાવલિ દ્વારા મળેલી માહિતીનું ત્રિબિંદુ સ્કેલ પ્રમાણે ગુણાંકન કરીને દરેક પાત્રના પુસ્તકાલય સભાનતા અંક મેળવવામાં આવ્યા હતા. ત્યાર બાદ અભ્યાસમાં આવરાયેલા ચલ મુજબ માહિતીનું વર્ગીકરણ કરી તેના આધારે માહિતીનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું.

ઉત્કલ્પના ''બી.એડ્. કોલેજમાં અભ્યાસ કરતા કુમાર અને કન્યાઓની પુસ્તકાલય પ્રત્યેની સભાનતા પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.''

આ ઉત્કલ્પનાની ચકાસણી માટે નમૂનાનાં પાત્રોના જાતીયતા અનુસાર જૂથો પાડવામાં આવ્યા હતા. આ જૂથોના પુસ્તકાલય સભાનતા પ્રાપ્તાંકોના તફાવતની સાર્થકતા તપાસવા માટે ટી–કસોટી હાથ ધરવામાં આવી હતી. જેના પરિણામો સારણી–૧માં રજૂ કરેલ છે.

સારણી–૧

પુસ્તકાલય સભાનતા પર જાતીયતાની અસર

| ક્રમ | જૂથ | સંખ્યા | સરાસરી | પ્રમાણવિચલન | ટી–મૂલ્ય |
|---|---|---|---|---|---|
| ૧ | કુમાર | ૧૨૫ | ૫૯.૭૧ | ૬.૩૭૩ | ૧.૭૫૩ |
| ૨ | કન્યા | ૧૮૦ | ૬૧.૦૨ | ૬.૫૩૭ | |

સારણી–૧નું અવલોકન કરતા જણાય છે કે પ્રશિક્ષણાર્થીઓની કુલ સંખ્યા ૩૦૫ હતી. જેમાં ૧૨૫ કુમારો અને ૧૮૦ કન્યાઓ હતી. કુમારોનાં પ્રાપ્તાંકોની સરાસરી ૫૯.૭૧ કન્યાઓનાં પ્રાપ્તાંકોની સરાસરી ૬૧.૦૨ હતી. કુમારોનું પ્રમાણ વિચલન ૬.૩૭૩ અને કન્યાઓનું પ્રમાણ વિચલન ૬.૫૩૭ હતું. કુમાર અને કન્યાઓની સરાસરીના તફાવતનું ટી–મૂલ્ય ૧.૭૫૩ હતું જે ૦.૦૧ અને ૦.૦૫ કક્ષાએ સાર્થક નથી તેથી શૂન્ય ઉત્કલ્પનાનો સ્વીકાર થાય છે.

આ પરથી કહી શકાય કે શૂન્ય ઉત્કલ્પના ‘‘બી.એડ્. કોલેજમાં અભ્યાસ કરતા કુમાર અને કન્યાઓની પુસ્તકાલય પ્રત્યેની સભાનતા પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવન નહિ હોય’’ નો સ્વીકાર થાય છે. આથી કહી શકાય કે બી.એડ્.ના પ્રશિક્ષણાર્થીઓ કુમારો કરતા કન્યાઓની પુસ્તકાલય સભાનતા ઊંચી જોવા મળી હતી.

**૧૩.૦ તારણ**

કુમારો અને કન્યાઓ પુસ્કાલય પ્રત્યેના અભિપ્રાયો સમાન હતા. એટલે કે કુમારો કરતા કન્યાઓ પુસ્તકાલય પ્રત્યેના અભિપ્રાયો તરફ વધુ ઝોક દર્શાવતી હતી.

**સંદર્ભસૂચિ**

ઉચાટ, ડી.એ. (૨૦૧૨). શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર. (દ્વિતીય આવૃતિ), રાજકોટ : સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

..........., (૧૯૮૮). સંશોધનનું સંદોહન. રાજકોટ : શિક્ષણ શાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

..........., (૧૯૮૯–૨૦૦૬). સંશોધનોનો સારાંશ. રાજકોટ : શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

..........., (૧૯૮૮). સંશોધન અહેવાલનું લેખન શી રીતે કરશો ? રાજકોટ : નિજ્જિન સાયકો સેન્ટર.

દેસાઈ, હ. ગુ. અને દેસાઈ, કૃ. ગો. (૧૯૯૨). સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ (૫ મી આવૃત્તિ). અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.

દોંગા, એન. એસ. (૨૦૧૨). અધ્યાપન મનોવિજ્ઞાનમાં નવી દિશાઓ, વિકાસ, શિક્ષણ પ્રક્રિયા અને માહિતી ટેક્નોલોજી. અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.